# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**પેટલાદ પાલિકામાં કોંગ્રેસનો 'હાથ' ખાલી** | ગઢ ગણાતા મુસ્લિમ વિસ્તારોમાં પણ ઉમેદવારો શોધવામાં ફાંફાં, કેટલાકે અપક્ષ ઉમેદવારીનો વિકલ્પ સુચવ્યો

# પેટલાદમાં કોંગ્રેસને 36 બેઠક માટે માત્ર 46 દાવેદારો મળ્યાં

**મુસ્લિમ મતદારોમાં** ભારોભાર નારાજગીથી પેનલ બનાવવામાં પણ મુશ્કેલી વધી


તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.5

પેટલાદ નગલપાલિકાની ચુંટણીના પડઘમ વાગી ચુક્યા છે. આવતીકાલથી ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થઈ રહી છે. તે પૂર્વે ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રીયા લેવાનું શરૂ કર્યું હતું. જેમાં ભાજપમાં 8 વોર્ડની 32 બેઠકો માટે 115 દાવેદારોએ મેન્ડેટની માંગણી કરી છે. જ્યારે 9 વોર્ડની 36 બેઠકો માટે માત્ર 46 દાવેદારોએ કોંગ્રેસનો મેન્ડેટ માંગ્યો હોવાનું જાણવા મળે છે. તેમાંય કોંગ્રેસની મુખ્ય વોટબેંક ગણાતા મુસ્લિમ વોર્ડમાંથી પણ દાવેદારો ચુંટણીમાં ઉભા રહેવા તૈયાર નથી. પેટલાદમાં મુસ્લિમ મતદારો એટલી હદ સુધી નારાજ છે કે તેઓ અપક્ષ ઉમેદવારી કરવા તૈયાર છે, પરંતુ કોંગ્રેસનો હાથ પકડવા રાજી નથી. જેને કારણે પેટલાદ નગર પાલિકાની ચુંટણી માટે કોંગ્રેસને ઉમેદવારો શાધવાના પણ ફાંફાં પડી ગયા હોવાની વાત ચર્ચાસ્પદ છે.

પેટલાદ નગરપાલિકાની ચુંટણીમાં ઉમેદવારી કરવા માંગતા દાવેદારો માટે કોંગ્રેસ દ્વારા ગતરોજ સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી ગઈકાલે સવારે 10 કલાકે સુણાવ રોડ સ્થિત નોવેલ પાર્ટી પ્લોટ ખાતે શરૂ થનાર હતી. પરંતુ કોઈ અગમ્ય કારણોસર સેન્સ પ્રક્રિયાનું સ્થળ બદલી મધુબન હોટલ કરવામાં આવ્યું હતું. ઉપરાંત આ કામગીરી સવારે 10 વાગ્યાના બદલે બપોરે 12.30 કલાકે શરૂ થઈ હતી. કોંગ્રેસના નિરીક્ષકો પણ બે કલાક મોડા લગભગ 12 કલાકે આવી પહોંચ્યા હતા. કોંગ્રેસના તકલાદી સંગઠનને કારણે દાવેદારી માટે શહેરમાંથી કોઈ ફરકતું ન્હોતું.

છેવટે હિન્દુ - મુસ્લિમ સંભવિત દાવેદારોને કોલ કરવા શરૂ કર્યા હતા. આમ છતાં કોંગ્રેસમાંથી ઉમેદવારી કરવા ઈચ્છુકોમાં જાણે કે મંદી આવી ગઈ હતી. આટલું જાણે કે અપુરતું હોય તેમ મુસ્લિમ વોર્ડમાંથી પણ કોઈ દાવેદારો તૈયાર થતા ન્હોતા. લગભગ બે વાગ્યા સુધીમાં 9 વોર્ડ માટે માત્ર 26 દાવેદારોએ ફોર્મ ભર્યા હતા. જેમાં વોર્ડ નં. 3 અને 5 માં એકપણ દાવેદારો કોંગ્રેસને નહીં મળ્યા હોવાનું જાણવા મળે છે. ઉપરાંત મુસ્લિમ વોટબેંક ધરાવતા વોર્ડ નં.4 ની સામાન્ય બેઠક ઉપરથી પણ કોઈ દાવેદાર નહીં આવતા કોંગ્રેસને ફાંફાં પડવા માંડ્યા હતા. ગત 2021 ની ચુંટણીમાં પણ કોંગ્રેસને 36 માંથી માત્ર 3 બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય નિરંજન પટેલ સામે મુસ્લિમ આગેવાનોએ બળવો કરતાં સજ્જડ હાર ખાવી પડી હતી.

આ વખતે પૂર્વ ધારાસભ્ય નિરંજન પટેલ ભાજપ સાથે છે, પરંતુ અહીંયા દાવેદારોની હોડ જામી છે. એટલે તેઓને ભાજપમાં કેટલું મહત્વ આપવામાં આવે છે તેના ઉપર નગરજનોની મીટ મંડાયેલી છે. જો કે ગત બોર્ડના 23 સત્તાધિશો પૈકી લગભગ 10 જેટલા ઉમેદવારો રીપીટ થવાની શક્યતા જોવાઈ રહી છે. હવે બાકી રહેતી 26 પૈકી મૂળ ભાજપના નેતાઓ કેટલા મેન્ડેટ ખેંચી જશે એ ચોક્કસ કહી શકાય તેમ નથી. પરંતુ કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલ પૂર્વ ધારાસભ્ય નિરંજન પટેલ કંઈ ખાસ કાઠું કાઢી શકે તેમ નહી હોવાથી બાવાના બેઉ બગડ્યા હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે.

### મતદારોની માયાજાળ

પેટલાદના 9 વોર્ડ માટે અંદાજીત 47 હજાર જેટલા મતદારો હતા. પરંતુ સરની કામગીરી દરમ્યાન લગભગ પાંચ હજાર જેટલા મતદારો ઘટતા હાલ 42 હજાર જેટલા મતદારો છે. જે પૈકી પાંચ હજાર તળપદા, ચાર હજાર પટેલ, દોઢ હજાર વણિક, દોઢ હજાર પરમાર, બાર સો કાછીયા, છસ્સો મકવાણા, પાંચ સો રાણા, 3 સો બ્રાહ્મણ, ત્રણ સો ભોઈ, ત્રણ સો સોલંકી, ત્રણ સો જાદવ, બસ્સો પ્રજાપતિ, 11 હજાર ઈતર જ્ઞાતિ અને 15 હજાર જેટલા મુસ્લિમ મતદારો છે.

### ઓબીસી અને એસસીનો દબદબો

પેટલાદ પાલિકાના 9 વોર્ડની 36 બેઠકો માટે નવું રોસ્ટર અમલમાં આવ્યું છે. જેમાંથી 12 સામાન્ય મહિલા, 11 સામાન્ય પુરૂષ, 5 પછાતવર્ગ મહિલા, 5 પછાતવર્ગ પુરૂષ, 1 અનુ.જાતિ મહિલા અને 2 અનુ.જાતિ પુરૂષ બેઠકોનો સમાવેશ થાય છે. જેમાંથી પ્રથમ અઢી વર્ષની ટર્મમાં પ્રમુખ તરીકે પછાતવર્ગ મહિલા અને બીજી ટર્મમાં પ્રમુખપદે અનુ.જાતિ પુરૂષનું રોસ્ટર આવેલ છે.

---

# કરમસદમાં પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતાં પતિનો આપઘાત

**ઝેરી દવા** પીધા બાદ પરિવારને વીડિયો કોલ કરીને જાણ કરી

(પ્રતિનિધિ) આણંદ તા.5

આણંદના કરમસદ વિસ્તારમાં દંપતી વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ વિવાદ બાદ માનસિક તણાવમાં આવી ગયેલા 45 વર્ષીય આધેડે ઝેરી દવા પીને આત્મહત્યાનું હિચકારૂં પગલું ભર્યું હતું, જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ અંગે વિદ્યાનગર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, આણંદના કરમસદની સહજાનંદ સોસાયટીમાં રહેતા રશ્મિકાન્ત રમેશભાઈ પટેલે (ઉં.વ. 45) ગત 28મી માર્ચ,2026ના રોજ કરમસદ મેડિકલ હોસ્પિટલની સામે આવેલ એક સ્ટોરની બહાર સેલફોર્સનો પાવડર પી લીધો હતો. આત્મહત્યાના હેતુથી દવા પીધા બાદ અસહ્ય દર્દ થતા રશ્મિકાન્તે પોતાના પરિવારજનોને વીડિયો કોલ કરીને આ અંગેની જાણ કરી હતી. આ અંગે વીડિયો કોલ દ્વારા જાણ થતા જ પરિવારજનોએ તેમને તાબડતોબ હોસ્પિટલ ખસેડ્યા હતા.

જોકે, ગંભીર સ્થિતિમાં સારવાર હેઠળ રહેલા રશ્મિકાન્તભાઈનું તા. 02-04-2026ના રોજ સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, પતિ-પત્ની વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલી બાદ અનુભવેલા માનસિક તણાવના કારણે તેમણે આ અંતિમ પગલું ભર્યું હતું. આ અંગે વિદ્યાનગર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક શિક્ષક હોવાનું ખુલ્યું હતું.

---

**મહિસાગર નદીમાં રેતીખનનથી બનેલા ઊંડા ધરાએ આશાસ્પદ યુવકનો ભોગ લીધો**

# આણંદ વેટરનરી કોલેજના 2 વિદ્યાર્થી નદીમાં ડૂબ્યા: એકનું મોત, એક લાપતા

**ખેરડા પાસે** મહિસાગર નદી કિનારે રજા માણવા ગયેલા વિદ્યાર્થીઓના જૂથ પર આભ તૂટી પડ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.5

આણંદની વેટરનરી કોલેજના વિદ્યાર્થીઓ માટે રવિવારની રજા માતમમાં ફેરવાઈ ગઈ હતી. ખેરડા ગામ પાસેથી પસાર થતી મહિસાગર નદીના કિનારે ન્હાવા પડેલા ચાર વિદ્યાર્થીઓ પૈકી બે ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેમાંથી એક 21 વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવ્યો છે, જ્યારે અન્ય એક વિદ્યાર્થી હજુ પણ લાપતા હોવાથી શોધખોળ હાથ ધરવામાં આવી છે.




આણંદ વેટરનરી કોલેજમાં અભ્યાસ કરતો હિતેશ સિદ્ધરામભાઈ ચૌધરી (ઉં.વ. 21) પોતાના મિત્રોના જૂથ સાથે રવિવારની રજા માણવા માટે ખેરડા ગામ પાસે મહિસાગર નદીના કાંઠે ગયો હતો. બપોરના આશરે ચાર વાગ્યાના સુમારે આ મિત્રો નદીમાં ન્હાવા માટે પડ્યા હતા, ત્યારે અચાનક ચાર વિદ્યાર્થીઓ પાણીમાં ડૂબવા લાગ્યા હતા. બૂમાબૂમ થતા બે વિદ્યાર્થીઓ જેમ-તેમ કરીને બહાર નીકળવામાં સફળ રહ્યા હતા, પરંતુ હિતેશ અને તેનો અન્ય એક સાથી નદીના ઊંડા ધરામાં ગરકાવ થઈ ગયા હતા.

આ ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો અને 108ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. સ્થાનિક તરવૈયાઓની મદદથી હાથ ધરાયેલી શોધખોળમાં હિતેશ ચૌધરી મળી આવતા તેને તાત્કાલિક સારસા સી.એચ.સી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે, ત્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. યુવાન પુત્રના મોતના સમાચાર મળતા જ પરિવાર અને મિત્રવર્તુળમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

બીજા વિદ્યાર્થી માટે રેસ્ક્યુ ઓપરેશન જારી આ દુર્ઘટનામાં હજુ પણ એક વિદ્યાર્થી લાપતા હોવાથી આણંદ ફાયર બ્રિગેડની ટીમ અને સ્થાનિક તરવૈયાઓ દ્વારા નદીના ઊંડા પાણીમાં સર્ચ ઓપરેશન તેજ કરવામાં આવ્યું છે. અંધારું થવા છતાં પણ તંત્રની મદદથી રેસ્ક્યુ કામગીરી ચાલુ રાખવામાં આવી હતી.

---

# આણંદમાં મકાન નામે કરવા પતિનો પત્ની પર હુમલો

**દારૂના** નશામાં ધમાલ મચાવી પત્નીને મારી નાખવાની ધમકી આપી ઇજા પહોંચાડી

(પ્રતિનિધિ) આણંદ તા.5

આણંદના વઘાસી રોડ પર આવેલી શક્તિ રેસીડેન્સીમાં રહેતી એક 56 વર્ષીય પરણિતાએ તેના પતિ વિરુદ્ધ છેલ્લા 14 વર્ષથી ચાલતા શારીરિક અને માનસિક ત્રાસ અંગે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મકાન પોતાના નામે કરી દેવાની માંગ સાથે પતિએ પત્ની પર લાકડી વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાનો ઘટસ્ફોટ થયો છે.

આણંદના વઘાસી રોડ પરની શક્તિ રેસીડેન્સીમાં રહેતા 56 વર્ષીય પુનમબેન ભટ્ટે તેમના પતિ દિલીપભાઈ દેવશંકર ભટ્ટ વિરુદ્ધ આણંદ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, લગ્નના બે-ત્રણ મહિના બાદથી જ પતિ નાની બાબતોમાં ગાળો આપી મારઝૂડ કરતો હતો અને આ સિલસિલો છેલ્લા 14 વર્ષથી સતત ચાલતો હતો. આ ઘટનાની ગંભીરતા ત્યારે વધી જ્યારે ગત 12મી ડિસેમ્બર 2025ના રોજ રાત્રે દિલીપભાઈ દારૂના નશામાં ઘરે આવ્યા હતા. તેમણે પત્ની સાથે ઝઘડો શરૂ કરતા કહ્યું હતું કે, મકાન મારા નામે કરી દે અને ઘરમાંથી નીકળી જા. આ તકરાર દરમિયાન આરોપીએ ઉશ્કેરાઈને પત્નીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને લાકડી વડે હુમલો કર્યો હતો.

આ હુમલામાં મહિલાને માથાના ભાગે તેમજ શરીરના અન્ય ગુપ્ત ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. પતિના આ હિંસક વર્તન અને વર્ષોના ત્રાસથી કંટાળીને અંતે પરણિતાએ પોલીસના દ્વાર ખટખટાવ્યા છે. આણંદ મહિલા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

---

**માતરના ભલાડામાં સ્ટેટ મોનિટરિંગ સેલનો સપાટો, ધારાસભ્યના ભત્રીજાને દબોચ્યો**

# માતરમાં લાલા બાદશાહના અડ્ડા પર જુગાર રમતાં 16 જણ પકડાયાં

**ગાંધીનગરની ટીમે** રોકડ, 3 કાર અને 14 મોબાઈલ સહિતના સાધનો કબજે કર્યા



(પ્રતિનિધિ) માતર તા.5

માતર તાલુકાનું ભલાડા ગામ જુગારનું હોટસ્પોટ બન્યું હોવાની ચોક્કસ બાતમીના આધારે ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ઓચિંતો દરોડો પાડ્યો હતો. લીંબાસી પોલીસ સ્ટેશનની હદમાં આવતા ભલાડા (નાના હરસિદ્ધિપુરા) ખાતે લાલા બાદશાહ નામનો શખ્સ મોટા પાયે જુગારનો અડ્ડો ચલાવી રહ્યો હતો, જ્યાં પોલીસે કાર્યવાહી કરીને કુલ 16 જેટલા શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

માતર તાલુકાના ભલાડા ગામમાં પોલીસના દરોડા દરમિયાન ઘટના સ્થળેથી રૂ. 32,650ની રોકડ રકમ કબજે કરવામાં આવી છે. આ ઉપરાંત, જુગારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી ત્રણ કાર, એક બાઈક અને 14 નંગ મોબાઈલ પણ જપ્ત કરવામાં આવ્યા છે. આમ, પોલીસે કુલ અંદાજે રૂ. 22,36,750નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે પકડેલા શખસોની પૂછપરછ કરતાં રાજેશ ઉર્ફે લાલો ગુલાબ પરમાર (સંચાલક), મથુર વિષ્ણુ સાધુ, એઝાઝ ઉર્ફે જાડીયો ગુલામહુસેન મલીક, મહમદશાબીર શાકીરહુસેન મલેક, બુધા ખોડાભાઈ ઝીજરવાડીયા, ગજેન્દ્રસિંહ ભાવિસંહ રાજ, મહેશ ઉર્ફે જગદીશ સોમાભાઈ રાવલ, દક્ષેશ મનુભાઈ પંચાલ, મુખત્યાર હસન પઠાણ, મનોજ રમેશ કોટવાલ, મિતેશ ઉર્ફે લાલો રમણલાલ અગ્રવાલ, હરીશ સથવનભાઇ કારકીલ, ગીરીશ લક્ષ્મણ સથવારા, ખાલીદએયુબ પટેલ, દયાશંકર ઈન્દ્રાસન શર્મા, ધનશ્યામ કનુભાઇ ગોહિલ હોવાનું જણાવ્યું હતું.

---

# આણંદના લાંભવેલ પાસે કારની ટક્કરે વૃદ્ધનું કરુણ મોત

**અકસ્માત** સર્જી કાર ચાલક ફરાર

(પ્રતિનિધિ) આણંદ તા.5

આણંદ રૂરલ પોલીસ મથકની હદમાં આવતા લાંભવેલ-બોરીયાવી રોડ પર એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. પૂરપાટ ઝડપે આવતી એક ટોયોટા કારના ચાલકે રસ્તાની સાઈડમાં ઉભેલા વૃદ્ધને જોરદાર ટક્કર મારી ફંગોળી દીધા હતા, જેમાં ગંભીર ઈજાઓ થવાને કારણે તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી ગૌતમભાઈ વાણીયાના પિતા મનુભાઈ કાબાભાઇ વાણીયા (ઉં.વ. 55) લાંભવેલ-બોરીયાવી રોડ પર નીલકંઠ પાર્ટી પ્લોટ પાસે રોડની સાઈડમાં ઉભા હતા. આ દરમિયાન જીજે-23-સીએચ-0112 નંબરની ટોયોટા કારના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી તેમને અડફેટે લીધા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે મનુભાઈ ઉછળીને સીધા કારના બોનેટ પર પડ્યા હતા અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું અકાળે અવસાન થયું હતું. આ અકસ્માત સર્જ્યા બાદ કાર ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ ઘટના અંગે મૃતકના પુત્ર ગૌતમભાઈએ આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ટોયોટા ગાડીના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી ફરાર ચાલકને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદના લાંભવેલ રોડ પર બેફામ ઝડપે વાહનો દોડતાં હોય છે. અહી પોલીસ પોઈન્ટ જરૂરી બન્યો છે.

---

# બોરસદની એસટી બસમાં કન્ડક્ટર નશામાં ધૂતઃ મુસાફરોનો હોબાળો

**કન્ડક્ટરે** નશાની હાલતમાં અમદાવાદને બદલે આણંદ અને નડિયાદની ટિકિટો આપી




(પ્રતિનિધિ) બોરસદ તા.5

બોરસદથી અમદાવાદ જતી એસટી બસમાં કન્ડક્ટર નશામાં ધૂત હાલતમાં ફરજ બજાવી રહ્યો હતો. ફરજ દરમિયાન કંડક્ટરની વર્તણુક અંગે હોબાળો મચી ગયો હતો. સાંજે 6:20 કલાકે બોરસદ એસટી ડેપોથી ઉપડેલી બસમાં કન્ડક્ટર નશાની હાલતમાં હોવાથી મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો, જેના પગલે અંતે બસને ડેપો પર પરત લાવવાની ફરજ પડી હતી.

બોરસદ-અમદાવાદ રૂટની બસ નંબરઃ GJ 18 ZT 1937 સાંજે તેના નિર્ધારિત સમયે રવાના થઈ હતી. બસમાં સવાર મુસાફરોએ જ્યારે અમદાવાદની ટિકિટ માંગી, ત્યારે કન્ડક્ટરે નશાની હાલતમાં અમદાવાદને બદલે આણંદ અને નડિયાદની ટિકિટો આપવાનું શરૂ કર્યું હતું. મુસાફરોએ વારંવાર રજૂઆત કરવા છતાં કન્ડક્ટર ભાનમાં ન હોવાથી ટિકિટ આપવામાં છબરડા કર્યા હતા.

આમ, કન્ડક્ટરની વર્તણૂક અને ટિકિટના ગોટાળા જોઈ મુસાફરોએ હોબાળો મચાવ્યો હતો અને ડ્રાઈવરને જાણ કરી હતી. જોકે પરિસ્થિતિની ગંભીરતા સમજી ફરજ બજાવતા ડ્રાઈવરે બસને દેદરડાથી અધવચ્ચેથી પરત બોરસદ ડેપો ખાતે લાવી હતી. જોકે, ડેપો ખાતે મુસાફરોનો રોષ જોઈ તંત્ર હરકતમાં આવ્યું હતું.

---

# ચરોતરમાં ઈસ્ટરપર્વની ઉજવણી: ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનને વધાવાયું

**આણંદ - ખેડાના** વિવિધ ચર્ચોમાં વિશેષ પ્રાર્થના અને ખ્રિસ્તયજ્ઞ યોજાયા




તસવીરઃ જશવંતસિંહ રાઠોડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.5

આણંદ-ખેડા જિલ્લાના ચર્ચોમાં ખ્રિસ્તી બિરાદરો દ્વારા ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનનું પર્વ 'ઈસ્ટર' શ્રદ્ધા અને ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યું હતું. નડિયાદના સેન્ટ મેરીસ ચર્ચ ખાતે મોટી સંખ્યામાં ધર્મજનોએ ઉમટી પડી સામૂહિક પ્રાર્થના અને ખ્રિસ્તયજ્ઞ દ્વારા સજીવન થયેલા પ્રભુ ઈસુના માનમાં ઈસ્ટર સન્ડેની ઉજવણી કરી હતી.

શાસ્ત્રોક્ત માન્યતા મુજબ, ગુડ ફ્રાઈડેના દિવસે પ્રભુ ઈસુને ક્રોસ પર જડી દેવાયા બાદ ત્રીજા દિવસે એટલે કે રવિવારે તેઓ ફરીથી સજીવન થયા હતા, જેને ખ્રિસ્તી સમુદાય ઈસ્ટર ડે તરીકે મનાવે છે. ઈસ્ટરની પૂર્વ સંધ્યાએ શનિવારે રાત્રે પણ ભક્તોએ ચર્ચમાં જાગરણ કરી પ્રાર્થના કરી હતી. રવિવારે સવારે ચર્ચમાં વિશેષ પ્રાર્થના બાદ ફાધર વિન્સેન્ટ પોલ, ફાધર આમ્રોશ ડાભી, ફાધર લીઓ અને ફાધર નિકુંજ દ્વારા સૌને 'હેપ્પી ઈસ્ટર'ની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે ફાધર દ્વારા આપવામાં આવેલા ધર્મબોધમાં જણાવાયું હતું કે, ઈસુનું પુનરુત્થાન એ મૃત્યુ પછીના જીવનની બાંહેધરી છે અને તે સંઘર્ષમાંથી શીખીને નવજીવન જીવવાનો પાઠ શીખવે છે. વિશ્વાસુઓને અનંત જીવન માટે મક્કમ બનવા અને ઈસુનો માર્ગ પસંદ કરવા આહ્વાન કરવામાં આવ્યું હતું. ઈસુએ મૃત્યુ પર વિજય મેળવીને શીખવ્યું છે કે કષ્ટમય સમય પછી હંમેશા આનંદનો માર્ગ હોય જ છે. ખેડા જિલ્લાના વિવિધ ચર્ચોમાં આખો દિવસ ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225